**નવી બાબત ૨૦૧૭-૧૮**

વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નિગમોની સીધા ધીરાણની યોજના અંતર્ગત રૂ.૨૫૦૦ લાખની ફાળવણી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૯૭૫૯૪/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૬/૨૦૧૭
1 JUN 2017

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭/૦૫/૨૦૧૭નો ઠરાવ

**ઠ રા વઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિ અને લઘુમતિ વર્ગના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા અંગે વંચાણે લીધેલા આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ (૪) ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને (૫) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ને કુલ રૂ.૨૫૦૦ લાખની સીધા ધિરાણની યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના પાંચ નિગમોને રૂ.૨૫૦૦ લાખની રકમની વહેંચણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નીચેના પત્રકમાં જણાવ્યા મુજબના પાંચ નિગમોને રૂ.૨૫૦૦ લાખની ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | ફાળવણી કરવાની રકમ (રૂ લાખમાં ) |
|---|---|---|
| ૦૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | રૂ. ૬૦૦.૦૦ |
| ૦૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | રૂ. ૬૦૦.૦૦ |
| ૦૩ | ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | રૂ. ૫૦૦.૦૦ |
| ૦૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | રૂ. ૪૦૦.૦૦ |
| ૦૫ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | રૂ. ૪૦૦.૦૦ |
| | કુલ | રૂ. ૨૫૦૦.૦૦ |

ઉપરોક્ત ફાળવણીથી મળતાં નાણા ખર્ચવા માટે સંબંધિત નિગમોને સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટેનો Sector-wise ધીરાણનો Action Planએક સપ્તાહમાં રજૂ કરવા જણાવવામાં આવે છે. આવો એક્શન પ્લાન (ખર્ચ-આયોજન) મંજૂર કરાવ્યા પછી જ ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૩૧/૦૫/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી બજેટ, ગ અને કોમ્પ્યુટર સેલ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૭